અપીલ અરજી નં.૩૨૫ તા.૪–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી જરીઉદ્યોગને ભારત સરકારે ગૃહઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોય તેમ છતાં સુરત શહેરના કોટ વિસ્તારમાં હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમ મુજબ રેસીડેન્શીયલ ઝોનમાં મળવાપાત્ર વિકાસ પરવાનગી ના ઉપયોગ અંગેની માહિતીના યુઝ ઝોન ટેબલ–૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈપણ નાગરીક અવાજ તેમજ ધ્રુજારી માટે તેવી મશીનરી નાખી કારખાના ચાલુ કરી શકે હા યા ના માં માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૨૫/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી જરીઉદ્યોગને ભારત સરકારે ગૃહઉદ્યોગ તરીકે વર્ગીકૃત કરેલ હોય તેમ છતાં સુરત શહેરના કોટ વિસ્તારમાં હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમ મુજબ રેસીડેન્શીયલ ઝોનમાં મળવાપાત્ર વિકાસ પરવાનગી ના ઉપયોગ અંગેની માહિતીના યુઝ ઝોન ટેબલ–૧,૨,૩ મુજબ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈપણ નાગરીક અવાજ તેમજ ધ્રુજારી માટે તેવી મશીનરી નાખી કારખાના ચાલુ કરી શકે હા યા ના માં માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.૧૨૦૩ તા.૫–૧૨–૦૯ તથા પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૩૦૦ તા.૨૨–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૩ તા.૧૨–૧–૧૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૭૨ તા.૨૧–૧–૧૦ ના રોજ પૂરક માહિતીમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અને અરજદારને પૂરી પાડેલી માહિતીના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૦૦ તા.૨૨–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની ઉપરોકત વિષયના સંદર્ભ બાબતે કરેલી અરજી અંગે જાહેર મીહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૦૩ તા.૫–૧૨–૦૯ થી "હાલના પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમના યુઝ ઝોન ટેબલના અનુક્રમ નંબર ૧મુજબ રેસીડેન્સીયલ ઝોનમાં દર્શાવ્યા મુજબના હેતુ માટે વિકાસ પરવાગીની આપવાની કાર્યવાહી કરી શકાય. વિકાસ નિયંત્રણ નિયમ યુઝ ઝોન ટેબલની નકલ સૌપ્રથમ રૂા.૨/– ભરપાઈ કરીને મેળવી લેવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૦૦ તા.૨૨–૧૨–૦૯ થી પાઠવેલ માહિતી પત્ર ધ્વારા અરજદાર રસીદ નં.૧૧૩૫૨૩ તા.૧૧–૧૨–૦૯ ના રોજ રૂા. ૨/– જમાં કરાવેલ હોય માહિતીની નકલ મોકલી આપેલ જેની નકલ અત્રે રજૂ કરેલ છે. અરજદારે તા.૪–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી (૧).માંગેલ અને માહિતીનો જવાબ આપવામાં આવેલ છે જે સંતોષકારક નથી તેમજ સાચો નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. (૨)જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ યુઝ ટેબલઝોન –૧,૨,૩ ની પુરાવારૂપે રજૂ કરેલ છે પરંતુ કારખાના ચાલુ કરી શકે કે નહી? તેની ચોખ્ખી માહિત હા કે ના માં આપવામાં આવેલ નથી.(૩).જેમાં અરજદારે યુઝ ટેબલ–૧,૨,૩ માં ચોખ્ખુ બતાવવામાં આવેલ છે કે કોઈ પણ નાગરીક રહેઠાણવાળા વિસ્તારમાં અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા મશીન નાંખી કારખાના ચાલુ ન કરી શકે તો પછી મને શા માટે હા કે ના માં માહિતી ન આપી. (૪) યુઝ ટેબલ–૧,૨,૩ માં જે કોપી ફાળવવામાં આવેલ છે તે મુજબ જરી ઉદ્યોગની વ્યાખ્યામાં આવતું હોય તો પણ રહેઠાણવાળા વિસ્તારમાં કોઈ પણ નાગરીક અવાજ તેમજ ધ્રુજારી માટે તેવા મશીન ન નાંખી શકે તો પછી માહિતી શા માટે હા કે ના ન આપી. આમ અરજદારે આપેલી માહિતીના કાયદાકીય પ્રોવિઝનની જોગવાઈઓ મુદ્દા નં.૨ થી ૪ માં આધાર તરીકે રજૂ કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે. અરજદાર જોગવાઈના અર્થઘટન સબંધી જાહેર માહિતી અધિકારીનો અભિપ્રાય અને અર્થઘટનનો આગ્રહ રાખવા જણાવેલ છે જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,